# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૨ તા.૨૮-૧૨-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- વર્ષ ૨૦૨૩-૨૪ માટે ઓનલાઇન ટેક્સ્ટબુક ઇન્ડેન્ટ સિસ્ટમ દ્વારા વિનામૂલ્યના પાઠયપુસ્તકોની માંગણી રજુ કરવા અંગે.

સંદર્ભ :- ગુજરાત રાજ્ય શાળા પાઠયપુસ્તક મંડળ પત્રક્રમાંકઃ૬૮૮૧ તા.૨૦-૧૨-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે ઓનલાઇન ટેક્સ્ટબુક ઇન્ડેન્ટ સિસ્ટમ મારફત વિનામૂલ્યના પાઠયપુસ્તકની માંગણી શાળા કક્ષાએથી ઓનલાઇન કરવાની થાય છે. આ માટે સંદર્ભિત પત્રમાં દર્શાવેલ કાર્યવાહી મુજબ દરેક શાળાએ પોતાની રજીસ્ટર સંખ્યા મુજબ પાઠયપુસ્તકોની માંગણી કરવાની રહેશે. ઓનલાઇન પોર્ટલ પર માધ્યમવાર, ધોરણવાર અને વિષયવાર માંગણી રજૂ કરવાની રહેશે. ઓનલાઇન માંગણી રજૂ કરવા માટેનું પોર્ટલ તા.૨૭-૧૨-૨૦૨૨(૧૧:૦૦ કલાકથી) તા.૧૦-૦૧-૨૦૨૩ સુધી રહેશે. આ સમય મર્યાદામાં દરેક શાળાએ ફરજિયાત પણે ઓનલાઇન માંગણી રજૂ કરી દેવાની રહેશે. ઓનલાઇન કરેલ દરખાસ્તની પ્રિન્ટ સુપરવાઇઝરશ્રી પાસે પ્રમાણિત કરાવી ઝોન ઓફિસ ખાતે જમા કરાવવાની રહેશે. શાળાની ડિસેમ્બર માસની રજીસ્ટર સંખ્યાને આધારે ઓનલાઇન કરેલ પાઠયપુસ્તકોની વિગત સુપરવાઇઝરશ્રી પાસે શાળાએ પ્રમાણિત કરાવવાની રહેશે. પ્રમાણિત કરેલી એક નકલ શાળાએ ઝોન ઓફિસ ખાતે જમા કરાવવાની રહેશે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૮-૧૨-૨૦૨૨

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

**અગત્યની નોંધ :**

**વિષય : એક્સિસ બેંકમાં સેલેરી એકાઉન્ટ ધરાવતા શિક્ષકોના એકાઉન્ટમાં KYC કરાવવા બાબત.**

**ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, એક્સિસ બેંકના સેલેરી એકાઉન્ટ ધરાવતા તમામ શિક્ષકોએ પોતાના એકાઉન્ટને તા.૩૦-૧૨-૨૦૨૨ સુધીમાં KYC કરાવવાનું જણાવવામાં આવે છે.**

તા.૨૮-૧૨-૨૦૨૨

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ

"વિદ્યાયન", સેક્ટર-10-A, ગાંધીનગર-382010.

પત્રકમાંક : 6881 તારીખ 20 DEC 2022

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી- તમામ
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી- તમામ
- શાસનાધિકારીશ્રી, નગર શિક્ષણ સમિતિ- તમામ

વિષયઃ વર્ષ:૨૦૨૩-૨૪ માટે ઓન-લાઈન ટેક્સ્ટબુક ઈન્ડેન્ટ સિસ્ટમ દ્વારા વિના-મૂલ્યનાપાઠ્યપુસ્તકોની માંગણી રજુ કરવા અંગે

શ્રીમાન,

સવિનય ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા <u>શૈક્ષણિક વર્ષ : 2023-24 માટે</u> ઓન-લાઈન ટેક્સ્ટબુક ઈન્ડેન્ટ સિસ્ટમ મારફત વિના-મુલ્યના પાઠ્યપુસ્તકોની માંગણી તાલુકા/નગરપાલિકા કક્ષાએથી રજૂ કરવાની થાય છે. આ માટે આપના વિસ્તારમાં ચાલતી વિવિધ માધ્યમની સરકારી શાળાઓ, અનુદાનિત(ગ્રાન્ટેડ) શાળાઓ, કે.જી.બી.વી., DEO હસ્તકની મોડેલ સ્કૂલ અને ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુ. સોસાયટી, આદિજાતિ વિકાસ વિભાગ, અનુ.જાતિ કલ્યાણ વિભાગ અને વિકસતી જાતિ કલ્યાણ વિભાગ હસ્તકની આશ્રમ શાળાઓમાં ધો. ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વિના-મુલ્યે પાઠ્યપુસ્તકો આપવા માટે મંડળ દ્વારા શરુ થનાર પોર્ટલ પર TPEOs/AOs કક્ષાએથી ઓનલાઈન માંગણી રજુ કરવાની થાય છે.

તમામ TPEOs/AOs દ્વારા તેમના તાબામાં આવતી સદરહુ વિગતની શાળાઓમાં હાલ(ચાલુ) વર્ષ:૨૦૨૨-૨૩ માં ધો.૧ થી ૮ માં હાલ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાને લઈને આવતા વર્ષ: ૨૦૨૩-૨૪ માટેના પાઠ્યપુસ્તકોની માંગણી પોર્ટલ પર કરવાની રહેશે.

<u>શૈક્ષણિક વર્ષ : 2023-24 માટે પાઠ્યપુસ્તકોની માંગણી રજુ કરવા માટેની નક્કી કરેલ કાર્યપધ્ધતિ</u> :

1. TPEOs/AOs દ્વારા તેમના તાબામાં આવતી વિવિધ માધ્યમની સરકારી શાળાઓ, અનુદાનિત (ગ્રાન્ટેડ) શાળાઓ, કે.જી.બી.વી., DEO હસ્તકની મોડેલ સ્કૂલ અને ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, આદિજાતિ વિકાસ વિભાગ, અનુ.જાતિ કલ્યાણ વિભાગ અને વિકસતી જાતિ કલ્યાણ વિભાગ હસ્તકની આશ્રમ શાળાઓમાં ધો. ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સમાવેશ આ ઇન્ડેન્ટમાં કરવાનો રહેશે.
2. સદરહુ પ્રકારની શાળાઓને માધ્યમવાર અલગ પાડીને માધ્યમ દીઠ અલગ-અલગ ધો. ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાને રાખીને પોર્ટલ પર માંગણી રજુ કરવાની રહેશે.
3. ડિમાન્ડ કરતી વખતે હાલ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યાને કચેરી ખાતે ઉપલબ્ધ DISE ડેટા, CTS ના ડેટા, સેટ-અપ પત્રકના ડેટા અને SAS ના ડેટા સાથે ચકાસણી કરીને ખરેખર શાળામાં હાલ અભ્યાસ કરતા વિદ્યાર્થી સંખ્યા ધ્યાને લઈને આવતા વર્ષ માટે માધ્યમવાર, ધોરણવાર અને વિષયવાર પાઠ્યપુસ્તકની ખરેખર જરૂરિયાત દર્શાવવાની રહેશે. જો ગત વર્ષના કોઈ પુસ્તકો બચત હોય તો તે બાદ કરીને જે તે ધોરણ અને વિષયની ખરેખર જરૂરિયાત દર્શાવવાની રહેશે.
4. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના તાબા હેઠળની મૉડેલ સ્કુલમાં ધો. ૧ થી ૮ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો સમાવેશ તાલુકા/નગરપાલિકા કક્ષાએ TPEOs/AOs દ્વારા કરવાનો રહેશે.

5. હાલ સમગ્ર રાજ્યની સરકારી ગુજરાતી માધ્યમની પ્રાથમિક શાળાઓમાં ધો. ૧ અને ધો.૨ માં પ્રજ્ઞા અભિગમ અમલી હોય ગુજરાતી માધ્યમની શાળાઓમાં ધો. ૧ અને ધો.૨ માટે માત્ર ગ્રાન્ટેડ (અનુદનિત), KGBV, મોડેલ સ્કૂલ અને  ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુ. સોસાયટી, આદિજાતિ વિકાસ વિભાગ, અનુ.જાતિ કલ્યાણ વિભાગ અને વિકસતી જાતિ કલ્યાણ વિભાગ હસ્તકની આશ્રમ શાળાઓ માટે જ ધો. 1 અને ધો. 2 ના પાઠ્યપુસ્તકોની માંગણી થાય તેની તકેદારી રાખવાની રહેશે.
6. હાલના ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આવતા વર્ષે ત્યારપછીના ધોરણમાં આવશે તે હકીકત ધ્યાને રાખીને એટલે કે –
   - શૈક્ષણિક વર્ષ:2022-23ની ધો.1 ની વિદ્યાર્થી સંખ્યાને વર્ષ: ૨૦૨૩-૨૪ માટે ધો.૧ ની માંગણી તરીકે **(સરકારી શાળા સિવાય)**
   - શૈક્ષણિક વર્ષ:2022-23ની ધો.1 ની વિદ્યાર્થી સંખ્યાને વર્ષ: ૨૦૨૩-૨૪ માટે ધો.૨ ની માંગણી તરીકે **(સરકારી શાળા સિવાય)**
   - શૈક્ષણિક વર્ષ:2022-23ની ધો.2 ની વિદ્યાર્થી સંખ્યાને વર્ષ: ૨૦૨૩-૨૪ માટે ધો.૩ ની માંગણી તરીકે
   - શૈક્ષણિક વર્ષ:2022-23ની ધો.3 ની વિદ્યાર્થી સંખ્યાને વર્ષ: ૨૦૨૩-૨૪ માટે ધો.૪ ની માંગણી તરીકે
   - શૈક્ષણિક વર્ષ:2022-23ની ધો.4 ની વિદ્યાર્થી સંખ્યાને વર્ષ: ૨૦૨૩-૨૪ માટે ધો.૫ ની માંગણી તરીકે
   - શૈક્ષણિક વર્ષ:2022-23ની ધો.5 ની વિદ્યાર્થી સંખ્યાને વર્ષ: ૨૦૨૩-૨૪ માટે ધો.૬ ની માંગણી તરીકે
   - શૈક્ષણિક વર્ષ:2022-23ની ધો.6 ની વિદ્યાર્થી સંખ્યાને વર્ષ: ૨૦૨૩-૨૪ માટે ધો.૭ ની માંગણી તરીકે
   - શૈક્ષણિક વર્ષ:2022-23ની ધો.7 ની વિદ્યાર્થી સંખ્યાને વર્ષ: ૨૦૨૩-૨૪ માટે ધો.૮ ની માંગણી તરીકે

   ગણીને પોર્ટલ પર માધ્યમવાર, ધોરણવાર અને વિષયવાર માંગણી રજુ કરવાની રહેશે.
7. ઓનલાઈન માંગણી રજુ કરવા માટેનું પોર્ટલ તા. 27/12/2022(11.00 કલાકથી) થી તા. 10/01/2023 (23.59 કલાક) સુધી ચાલુ રહેશે.
8. ઓનલાઈન માંગણી રજુ કરવા માટે મંડળની વેબસાઈટ : **gsbstb.online** પર જઈને TPEOs/AOs દ્વારા પોતાના લોગ-ઈનમાં જઈ પૂરી ચોક્કસાઈથી માંગણી રજુ કરવાની રહેશે. પોતાના તાબા હેઠળની સદરહુ વિગતની તમામ શાળાઓ માટે જરૂરી પાઠ્યપુસ્તકોની માંગણી પોર્ટલ પર અપલોડ કર્યા બાદ કન્ફર્મ કરવાની રહેશે.
9. વધુમાં, ઉપરોક્ત તમામ કામગીરી અંગેની સુચનાઓ **gsbstb.online** વેબસાઈટ પરથી મેળવી શકાશે.
10. DPEO દ્વારા આ કામગીરી માટે જાણકાર અને કાર્યદક્ષ કર્મચારીની નોડલ ઓફિસર તરીકે નિમણુંક કરવાની રહેશે. આ નોડલ અધિકારીશ્રીએ જિલ્લા કક્ષાએ સમગ્ર રીતે માર્ગદર્શક તરીકેની ભૂમિકા ભજવવાની રહેશે.
11. ઓન-લાઈન ઈન્ડેન્ટ સિસ્ટમમાં ઓન-લાઈનપાઠ્યપુસ્તકોની માંગણી કરવાની કામગીરી સમયમર્યાદા પુર્ણ થાય તે માટે માર્ગદર્શન આપવા માટે તા.26/12/2022, 16.00 કલાકે M.S.Teams ના માધ્યમથી યોજાનાર V.C.માં તમામ DPEOs,TPEOs તથા AOs શ્રીઓએ જોડાવા જણાવવામાં આવે છે.

(ડી. આર. સરડવા)
નાયબ નિયામક(વહિવટ)
ગુ.રા.શા.પા.પુ.મંડળ
ગાંધીનગર

<u>સવિનય નકલ રવાના જાણ સારુ:</u> -

- માન.સચિવશ્રી, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, બ્લોક નં.5, નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સેક્ટર-17, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.12/1, ડૉ.જે. એમ. ભવન, ગાંધીનગર.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૨-A તા.૨૮-૧૨-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- બી.એલ.ઓ. વળતર રજા આપવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, મતદાર નોંધણી અધિકારી દ્વારા મતદાર નોંધણી ઝુંબેશ સંદર્ભે જે શિક્ષકોને બીએલઓ તરીકેની કામગીરી ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન સોંપવામાં આવેલ હતી. સદરહુ કામગીરી કરેલ શિક્ષકોને તેમણે જેટલા રવિવારે મતદાર યાદી નોંધણી ઝુંબેશ કામગીરી કરેલ હોય તેની સામે વળતર રજા આપવાની થાય છે. આપવાની થતી વળતર રજાની પાત્રતા સાધનિક કાગળો કાગળો સાથે ચકાસણી કરી મુખ્ય શિક્ષકશ્રીએ વળતર રજા તરીકે મંજુર કરવાની રહેશે. આ મુજબ આપેલી વળતર રજા શાળાના ૨/૩થી વધુ શિક્ષકો રજા પર ન રહે તે રીતે પરચુરણ રજા તરીકે મંજુર કરવાની રહેશે. આ રજાઓનો સમયગાળો ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાનનો રહેશે.

તા.૨૮-૧૨-૨૦૨૨

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી